# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૪ તા.૨૫-૧૦ -૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-NMMSની હૉલ ટીકીટ કાઢવા તેમજ પરીક્ષા અપાવવા બાબત.**

આથી મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ:૮ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે નેશનલ મીન્સ ક્રમ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા (NMMS) રાજ્ય પરીક્ષાબોર્ડ, ગાંધીનગર દ્વારા તા: ૬/૧૧/૨૦૧૬, રવિવારના રોજ યોજવામાં આવશે. નેશનલ મીન્સ ક્રમ મેરીટ સ્કોલરશીપ (NMMS) પરીક્ષા માટેની હોલ ટીકીટ www.sebexam.org વેબસાઈટ પરથી તા:૨૧/૧૦/૨૦૧૬ ના રોજથી વિદ્યાર્થીનો કન્ફર્મેશન નંબર તથા જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરવાની રહેશે. દિવાળી વેકેશન પડતા પહેલાં એટલેકે ૨૭/૧૦/૨૦૧૬ પહેલાં આપની શાળામાંથી નોંધાયેલ બાળકોને હોલ ટીકીટ મળી જાય તેવી વ્યવસ્થા કરવી. તેમજ પરીક્ષા અંગેની જાણ વિદ્યાર્થી અને વાલીઓને કરવાની રહેશે. પરીક્ષામાં તમામ બાળકો ઉપસ્થિત રહે તેવી વ્યવસ્થા શાળાએ કરવાની રહેશે.

તા.૨૫-૧૦-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

પરિપત્ર નં.૧૦૫ તા.૨૫-૧૦ -૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

સંદર્ભ :- પત્રક્રમાંક : પ્રાશિનિ/સંકલન/ફાયર સેફટી/૨૦૧૬/૫૩૬૯-૫૪૨૧

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને સામેલ સંદર્ભિત પત્ર અન્વયે જણાવવાનું કે સુપ્રિમ કોર્ટ દ્વારા દિવાળી પ્રસંગે ફટાકડા અને અન્ય સબંધિત સામગ્રીનો વપરાશ ઘટાડવા માટે આપેલ સૂચનાઓ અન્વયે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ફટાકડા ખરીદે નહી, ફોડે નહીં તથા ફટાકડા ફોડવાથી કે તેનાથી થતી બિમારીઓ અને વિપરીત અસરો અંગેની સમજ અને જાણકારી આપવી. આ સાથે શિક્ષણ વિભાગનો પત્ર સામેલ છે તે પ્રમાણે અમલ કરશો.

તા.૨૫-૧૦-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

Writ Petition (Civil) No.7828 of 2015 in he matter of Arjun Gopal vs Union of India in Hon'ble Supreme court of India-Insurance of piblic Notice/asvisory Through multimedia-reg.

ક્રમાંકઃપ્રાશિનિ/સંકલન/ફાયરસેફટી/2016/5369-5421
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-12/1, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ રા. ગાંધીનગર. તા. 24/10/2016

વંચાણે લીધાઃ- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃપરચ/122016/1971/વ.2 તા.21/10/2016

પરિપત્ર

ભારત સરકારના પર્યાવરણ વિભાગના તા.05/10/2016 ના પત્ર ક્રમાંકઃNo.Q-18011/73/2016-CPA માં જણાવ્યા મુજબ સુપ્રિમ કોર્ટ દ્વારા દિવાળીના પ્રસંગે ફટાકડા અને અન્ય સબંધિત સામગ્રીનો વપરાશ ઘટાડવા માટે અને યોગ્ય કાળજી રાખવા માટેની સુચનાઓ આપવામાં આવેલ છે. (નકલ સામેલ છે.) જે અંગે રાજ્યની પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ફટાકડા (આતશબાજી) ખરીદે નહી તે માટે તથા ફટાકડા (આતશબાજી) ના ઉપયોગથી થતી બિમારીઓ અને થતી વિપરીત અસરોથી વાકેફ કરાવી આ અંગે આપના તાબાની તમામ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક દ્વારા શિક્ષકો તથા વિદ્યાર્થીઓને ધ્યાન દોરવા તથા આ બાબતે પ્રોસ્તાહિત કરી આપની કક્ષાએથી કરવામાં આવેલ કાર્યવાહીની જાણ અત્રેની કચેરીને કરવા આથી સુચના આપવા આપવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા. ગાંધીનગર.

પ્રતિ

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, ન.પ્રા. શિ. સમિતિ તમામ

નકલ રવાના જાણ સારૂ

- શ્રી મહાવીરસિંહ શેખાવત, ઉપસચિવશ્રી, વ-ર શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.